સુવિચાર
કર્મશક્તિ અને ઈચ્છાશક્તિ સાથે કઠોર પરિશ્રમ કરો, નિશ્ચિત ધ્યેયને પહોંચશો.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૯/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૨૦

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦

## જનતા જનાર્દન કરવેરા રૂપી નાણા સરકારી તિજોરીમાં ભરીને બેવડ વળી જાય અને તેનો સદ્‌ઉપયોગ થતો નથી

# પાલિકા દ્વારા લાખો રૂપિયાનાં ખર્ચે ખરીદાયેલ વાહનો ભંગાર હાલતમાં !

**શહેરની મધ્યમાં આવેલ એક સમયનાં ગૌરવંતા હિરકબાગમાં ભંગાર વાહનોનો ખડકલો થયો**

**શહેરીજનોનાં પરિવહન માટે ખરીદાયેલ સિટી બસ પણ બંધ હાલતમાં**

**ડોર ટુ ડોર કલેક્શન કરનાર ટ્રેક્ટર અને ટીપરવાન પણ પડયા પડયા સડી ગયા**

**પાલિકાનાં શાસકોએ વાહનોનું રીપેરીંગ અને ભંગાર હાલતમાં હોય તેનો નિકાલ કરવો જરૂરી**



અમરેલી, તા. ૩૧

અમરેલીનાં શહેરીજનોનાં પરસેવાનાં પૈસાથી લાખો રૂપિયાનાં ખર્ચે પાલિકા દ્વારા ખરીદાયેલ ટ્રેક્ટર, રીક્ષા, સિટી બસ સહિતનાં વાહનો આજે ભંગાર હાલતમાં જોવા મળી રહ્યા છે.

અમરેલીનાં હાર્દસમા વિસ્તારમાં આવેલ અને એક સમયે શહેરનું ગૌરવ ગણાતા હિરકબાગ પર પાલિકાએ કબ્જો જમાવી દીધો છે. "બાગ" તો ગાયબ થઈ ગયો અને તે મેદાનમાં પાલિકાનાં ભંગાર થયેલ વાહનોની કતાર જોવા મળી રહી છે.

પાલિકાનાં શાસકોએ તમામ બંધ વાહનોની ચકાસણી કરીને જે વાહન રીપેરીંગથી શરૂ થાય તે કરવું જોઈએ અને જે ભંગાર હાલતમાં હોય તેનો નિકાલ કરવો જોઈએ. તેમજ સિટી બસનો પણ શહેરીજનોનાં હિતાર્થે ઉપયોગ કરવો જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જસુબેની ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal
We are HIRING!
REPORTING MANAGER & TELECALLER
(Must have computer knowledge)
Number of position : 02
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE ASSISTANT
(Must have tally account knowledge)
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

## મહાત્મા ગાંધીની જન્મભૂમિમાં ટ્રકમાં દારૂની હેરફેરથી આશ્ચર્ય

# અમરેલીનાં વરસડા ગામ નજીકથી વિદેશી બનાવટની દારૂની ૧૭૧૬ બોટલ મળી કુલ રૂપિયા ૧૬.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત

**રેન્જ આઈજી અને એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચે ૨ આરોપી ઝડપી લીધા**



અમરેલી, તા. ૩૧

અમરેલી નજીક વરસડા ગામ પાસેથી ટ્રકમાં તાડપત્રીની આડશમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ બોટલ નંગ– ૧૭૧૬ કિંમત રૂા. ૫,૬૮,૧૬૦ની હેરફેર કરતા બે ઈસમોને વાહન સહિત કુલ રૂપિયા ૧૬,૬૪,૧૬૦નાં મુદ્દામાલ સાથે બે આરોપીને એલસીબીએ ઝડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા એલ.સી.બી. ટીમ આજે તા. ૩૧ ના રોજ વહેલી સવારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે એક ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ભરી લાઠી તરફથી અમરેલી તરફ આવે છે. જે બાતમી હકિકત અન્વયે વોચ ગોઠવી અમરેલી–લાઠી રોડ, વરસડા ગામ પાસેથી ટ્રક પકડી પાડી, ટ્રકમાં તાડપત્રીની આડશમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની હેરફેર કરતા કિશન સુરેશભાઈ દવે (ઉ.વ. ૩૧) (રહે. ગામોટી શેરી, લીલીયા) તથા સીકંદર ઈબ્રાહીમભાઈ પઠાણ (રહે. રામજી મંદીર પાસે, ઢસા) ભારતીય બનાવટની વિદેશી દારૂ બોટલો નંગ ૧૭૧૬ (પેટ્ટી નંગ ૯૮) કિંમત

અનુસંધાન પાના ૬ ઉપર

પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000 સુધી ફાયદો મેળવો
SAMSUNG LG BOSCH BPL IFB MITSUBISHI ELECTRIC NATRAJ Kelvinator Micro
₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન: ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૯૮૭૯૦૧૪૦૦૦

## અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારોમાં લાઈટનાં અભાવે શ્રમિકોમાં ફફડાટ

# વાડી વિસ્તારમાં સિંગલ ફેઈઝ વીજળીનાં અભાવે શ્રમિકો પરેશાન

**શ્રમિકો વાડી વિસ્તારમાં કાચા–પાકા મકાનોમાં વસવાટ કરતાં હોય તેઓને નિયમિત વીજળી મળતી નથી**

**થોડા દિવસ પહેલા બાબાપુરમાં દીપડાએ શ્રમિક પરિવારનાં બાળકને ફાડી ખાધો હતો**

**રાત્રિનાં સમયે વાડી વિસ્તારમાં સિંગલ ફેઈઝ વીજળી નિયમિત આપવી જરૂરી**

**તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ મનિષ ભંડેરીએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી**



અમરેલી, તા. ૩૧

છેલ્લા એક અઠવાડિયા કરતા વધુ સમયગાળાથી અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, ચાડીયા, સાજીયાવદર, વાંકિયા, બાબાપુર વગેરે જેવા ગામોમાં ખેતીવાડીમાં રાત્રે સિંગલ ફેઈઝ લાઈટ આપવામાં આવતી નથી. આ તમામ ગામડાઓમાં હિંસક પશુઓ સિંહ–દીપડાનો ભયંકર આતંક રહેલો છે. હમણાં તાજેતરમાં તરવડા ગામે આવેલ બાબાપુર સર્વેની ખેડૂત ખાતેદારની જમીનમાં ભાગ્યું રાખીને મજૂરી કામ કરતા આદિવાસી સમાજના સાત વર્ષના બાળકને નરભક્ષી દીપડાએ ફાડી ખાધો હતો. હજુ સુધી આવા નરભક્ષી દીપડાને પકડવામાં જંગલ ખાતું સદંતર નિષ્ફળ રહ્યું છે. જેને લીધે સમગ્ર પંથકમાં ખેતીવાડીમાં ભાગ્યુ રાખીને કામ કરતાં પરપ્રાતિય મજૂરોમાં ભય અને ફફડાટ ફેલાયેલો જોવા મળે છે. જો ખેતીવાડીમાં રાત્રે સિંગલ ફેઈઝ લાઈટ આપવામાં ન આવે તો વાડીએ વસવાટ કરતા પરપ્રાંતિય મંજૂરોને પોતાના બાળકો અને પરિવારને આવા નરભક્ષી અને હિંસક પ્રાણીઓથી કેમ રક્ષણ કરવું ? તે ખૂબ જ ગંભીર પ્રશ્ન બની ગયો છે. માટે ઉપરોકત ગામડાઓમાં વાડીએ વસવાટ કરતા પરપ્રાંતિય મજૂરો અને તેના પરિવારને રક્ષણ આપવા માટે ખેતીવાડીમાં રાત્રે સિંગલ ફેઈઝ લાઈટ તાત્કાલિક અને નિયમિત આપવા માટેની માંગ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ કરી છે.

## હોસ્પિટલનાં સ્વપ્ન દ્રષ્ટા પૂ. મોટાભાઈ ગાંધીનાં સ્મરણાર્થે

# અમરેલીમાં ગોળ હોસ્પિટલ દ્વારા સોમવારથી ''મા યાત્રા''નો પ્રારંભ સાંસદ રૂપાલાના હસ્તે થશે

**''મા યાત્રા''માં રથ ગામડે–ગામડે પહોંચીને સગર્ભાઓનું વિનામુલ્યે ચેકઅપ કરશે**



અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લાની સુપ્રસિધ્ધ ગોળ હોસ્પિટલનાં સ્વપ્નદ્રષ્ટા સ્વ. પુ. મોટાભાઈ ગાંધીના સ્મરણાર્થે સોમવાર ૨–સપ્ટેમ્બરનાં રોજ બપોરે ૧ કલાકે સાંસદ પરશોતમભાઈ રૂપાલાનાં વરદ્હસ્તે ''માં યાત્રા''નુ પ્રસ્થાન થશે.

''માં યાત્રા'' માં રથ ગામડે–ગામડે પહોંચીને ગર્ભસ્થ માતાઓનુ નિઃશુલ્ક ચેકઅપ કરશે ગર્ભસ્થ માતાને ડીલેવરી દરમિયાન વિનામુલ્યે એમ્બ્યુલન્સ સેવાનો લાભ અપાશે. તેમજ ગર્ભસ્થ માતાઓને ૯ મહિલા સુધી તદ્ન મફત તબીબી ચેકઅપ અને સોનોગ્રાફી કરી અપાશે અને જરૂરી માર્ગદર્શન અને માહિતી પુસ્તક પણ એનાયત કરવામાં આવશે.

## પાસપોર્ટ કચેરી–અમદાવાદ ખાતે

# અમરેલીનાં સુખનાથપરામાં રહેતી મહિલાએ બનાવટી માર્કશીટ રજૂ કરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૩૧

રાજુલા ગામે રહેતા રીઝવાનભાઈ અબ્દુલરઝાકભાઈ લક્ષાએ પોતાના મેઈન બજાર, હીરાકુંજ શોપીંગ સેન્ટરમાં આવેલ પરફેકટ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી નામના કલાસીસમાંથી ગત તા. ૨૦/૪/૧૫ ના રોજ કોઈપણ સમયે કેરાલા બોર્ડ ઓફ એકઝામીનેશન નામની વેબસાઈટ ઉપર કોઈ માર્કશીટ બનતી ન હોવાનું જાણવા છતાં આરોપી માધવીબેન શીવમભાઈ ગોસાઈ (મૂળ રહે. રાજુલા હાલ રહે. અમરેલી)ના નામનું ધોરણ–૧૨ નું KERALA BOARD OF PUBLIC EXAMNINATIONS નું બનાવટી માર્કશીટ બનાવી આપી તે બનાવેલ માર્કશીટ આરોપી માધવીબેન શિવમભાઈ ગોસાઈ ખોટુ હોવાનું જાણવા છતાં પાસપોર્ટ મેળવવા માટે રીજીયોનલ પાસપોર્ટ ઓફીસ અમદાવાદ ખાતે માર્કશીટનો ખરા તરીકે ઉપયોગ કરી ખોટુ માર્કશીટ રજુ રાખી ખોટાનો ખરા તરીકે ઉપયોગ કરી ત્હોમતદારોએ એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## બાળકોને પોષણ યુક્ત આહાર મળે છે કે કેમ ?

# વડિયા આંગણવાડી કેન્દ્રો પર સરપાઈઝ વિઝીટ કરતાં નાયબ દંડક કૌશિક વેકરિયા

**બાળકો અને વાલીઓ સાથે વાતચીત કરી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૩૧

વડિયા કૃષ્ણપરા ઢુઢીયા પીપળીયા નાકા પાસે આવેલ કેન્દ્ર નંબર ૧૦૭ની આંગણવાડી ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ ઓચિંતી મુલાકાત લીધી હતી અને આંગણવાડી કેન્દ્રો પણ સરપ્રાઈઝ વિઝીટ કરી હતી અને જેમાં નાના નાના બાળકોને પોષણ યુકત આહાર મળે છે કે કેમ એ અંગે બાળકો અને વાલીઓ સાથે વાતચીત કરી હતી. અને જેમાં બાળકો દ્વારા સંતોષ કારક જવાબ મળ્યો હતો. વધુમાં આંગણવાડી હેલ્પર બહેન પાસે આજનો નાસ્તો શું શું બનાવ્યો છે તેની ચકાસણી કરી પોતે ટેસ્ટ પણ કર્યો હતો. સ્વાદિષ્ટ આહાર લાગતા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રો પર આવતાં નાના બાળકોને પોષણ મળે તેવો આહાર આપવામાં આવે છે અને આજે મે પણ ટેસ્ટ કરતાં ખુદ અનુભવું છું કે આ આંગણવાડીની બહેનો પણ બાળકોને ખુબ સારી રીતે કાળજી પૂર્વક સંભાળ રાખે છે અને ટેસ્ટી આહાર બાળકોને પીરસે છે આ તકે વડિયાના પ્રભારી હિંમતભાઈ વડિયા કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરસોતભાઈ હિરપરા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા છગનભાઈ ઢોલરીયા સહિતના અધિકારીઓ અને પધાકિારીઓ હાજર રહ્યા હતાં.

## જીલ્લા કલેકટરનાં અજય અધ્યક્ષ સ્થાને

# જીલ્લા ટીબી નિવારણ ફોરમની બેઠક યોજાઈ

**આરોગ્ય અધિકારીઓ જોડાયા**

અમરેલી, તા. ૩૧

નેશનલ ટયુબરકયુલોસિ સ એલિમિનેશન પ્રોગ્રામ ''આપણું ગુજરાત, ટીબી મુકત ગુજરાત'' અભિયાન અંતર્ગત અમરેલી જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાન, જીલ્લા ટીબી નિવારણ ફોરમની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જીલ્લા કલેકટર જીલ્લામાં નેશનલ ટયુબરકયુલોસિસ એલિમિનેશન પ્રોગ્રામ અંતર્ગત કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. ટીબી મુકત ગ્રામ પંચાયત અંતર્ગત ટીબી દર્દીઓનું સ્ક્રિનીંગ, તપાસ અને સારવાર સહિતની કામગીરી કરવામાં આવે છે. જીલ્લામાં અત્યાર સુધીમાં ૭૦ થી વધુ ગ્રામ પંચાયતો ટીબી મુકત ગ્રામ પંચાયત તરીકે જાહેર થઈ છે. જીલ્લા કલેકટર અજય દહિયાએ ટીબીના એકિટવ કેસ ફાઈન્ડિંગ, નિયમિત સ્ક્રિનીંગ અને નોટિફિકેશન પર ઘટતું થાય તે માટે સંબંધિત અધિકારીઓને દિનાનિર્દેશ આપ્યા હતા. બેઠકમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી જીલ્લા ટીબી નિવારણ ફોરમના સભ્યઓ, સંબંધિત અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## એક મહિલા સહિત ૨ ઈસમો દ્વારા

# અમરેલીનાં રણુજાધામ–૨ માં રહેતી મહિલા પાસે નાણાની પઠાણી ઉઘરાણી

**વ્યાજે આપેલ નાણાની કડક ઉઘરાણી થતાં ફરિયાદ**

અમરેલી, તા. ૩૧, અમરેલીના હનુમાનપરા રોડ, રણુજાધામ–૨ માં રહેતા ગીતાબેન હિંમતભાઈ ખિહડીયા નામની મહિલાને અમરેલીમાં રહેતા આરોપી સ્મીતાબેન તથા વિકાસભાઈ ગોપાલભાઈ સાંગાણીએ ગીતાબેનને પૈસાની જરૂર હોય. જેથી આજથી દશેક મહિના પહેલાથી આજદીન સુધીમાં ૧૦ ટકા લેખે તથા ૩ ટકા લેખે વ્યાજના લાયસન્સ વગર ઉંચા વ્યાજે પૈસા ઉછીના આપેલ. પૈસાની ગીતાબેન પાસે પઠાણી ઉઘરાણી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## કોઈ અજાણ્યા ચોર ઈસમનું કારસ્તાન

# અમરેલીનાં જિલ્લા પંચાયત માર્ગ ઉપર આવેલ ઓફિસમાંથી એસીનાં કોપરની ચોરી

અમરેલી, તા. ૩૧

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ મહિલા સોસાયટીમાં રહેતા શ્યામભાઈ ચૌહાણ નામનાં યુવકની અમરેલી જીલ્લા પંચાયત રોડ ઉપર આવેલ ઓફીસે ફિટ કરેલ એ.સી.ના આઉટડોર યુનીટથી ઈન્ડોર યુનીટ સુધી બહારના ભાગે ગેસ કોપરની પાઈપ કિંમત રૂપિયા ૩૦૦૦ તથા બાજુમાં આવેલ ઓફીસે ફિટ કરેલ આઉટડોરની એ.સી.ની. કોપરની પાઈપ કિંમત રૂપિયા ૩૦૦૦ એમ મળી કુલ રૂપિયા ૬,૦૦૦ના એ.સી.માંથી કોપર પાઈપ લાઈનની કોઈ અજાણ્યા ચોર ઈસમે ચોરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાયેલ છે.

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત રસ્તાનું મરામત કાર્ય પૂરજોશમાં



અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાનું મરામત કાર્ય તંત્ર ધ્વારા પૂરજોશમાં શરૂ છે. જિલ્લાનાં ચાવંડ–લાઠી, બાબરા–ખંભાળા અને બાબરા–વાસાવડને જોડતા માર્ગનું મેટલિંગથી પેચવર્ક કરવામાં આવી રહ્યું છે જે કામગીરી પૂર્ણતાને આરે છે. આ ઉપરાંત ખંભાળા–કોટડા પીઠા રોડ–થોરખાણ, લાઠી–દામનગર, ટોડા–ઝરખીયા–અડતાળા–ખીજડીયા–શેડુભાર રોડ અને ઢસા–દામનગર–ગારિયાધાર રોડ પર પેચવર્કની કામગીરી ગણતરીનાં દિવસોમાં પૂર્ણ કરવામાં આવશે. આમ અમરેલી જિલ્લાનાં માર્ગ અને મકાન વિભાગ, રાજય અને પંચાયત ધ્વારા માર્ગોના મરામત માટે ઝડપભેર કામગીરી કરવામાં આવી રહી છે.

## પાણી-પુરવઠા બોર્ડનાં કાર્યપાલક ઈજનેરની જગ્યા એક મહિનાથી ખાલી હોય બાદમાં

# લ્યો બોલો : હવે, માર્ગ-મકાન (પંચાયત)નાં કાર્યપાલક ઈજનેરની જગ્યા ખાલી

**જિલ્લામાં "નલ સે જલ" યોજનાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે કામો ચાલતા હોય જિલ્લાકક્ષાનાં અધિકારીની જગ્યા ખાલી**

**પંચાયત હસ્તકનાં માર્ગ-મકાન વિભાગ દ્વારા પણ કરોડો રૂપિયાનાં કામો શરૂ હોય છતાં નવી નિમણૂંક ન થઈ**

**કોઈ મુખ્ય અધિકારી રાતોરાત નિવૃત્ત થતાં ન હોય કે તેઓની બદલી પણ થતી નથી**

**અધિકારીની ખાલી જગ્યા થવાની હોય ત્યાં અગાઉથી નિમણૂંક કરવી જરૂરી**

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં નેતાઓની નિષ્ક્રીયતાને લીધે એક પછી એક જિલ્લા કક્ષાનાં અધિકારની જગ્યાએ વર્ગ-૨ નાં અધિકારીઓને ચાર્જ સોંપવામાં આવતાં જિલ્લાનાં વિકાસ કાર્યોમાં વિક્ષેપ ઉભો થવાની શકયતા ઉભી થઈ છે.

એક મહિના પહેલા પાણી-પુરવઠા બોર્ડનાં કાર્યપાલક ઈજનેર વયમર્યાદાથી નિવૃત્ત થયા હોય હજુ સુધી કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યાએ કોઈ અધિકારીની નિમણૂંક થઈ નથી અને લીલીયાનાં નાયબ કાર્યપાલક ઈજનેર એક મહિનાથી જવાબદારી સંભાળી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં "નલ સે જલ" યોજના અંતર્ગત ૨૦૦થી ૩૦૦ કરોડનાં ખર્ચે પાઈપલાઈન, સમ્પ, ઓવરહેન્ડ ટેન્ક સહિતની કામગીરી ઠેકઠેકાણે શરૂ હોય તેવા સમયે જ મુખ્ય અધિકારીની જગ્યા ખાલી જોવા મળી રહી છે.

તાજેતરમાં જ જિલ્લા પંચાયતનાં માર્ગ-મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરની અન્યત્ર બદલી થતાં તેઓનો ચાર્જ પણ નાયબ કાર્યપાલક ઈજનેરને સોંપવામાં આવ્યો છે. પંચાયત હસ્તકનાં માર્ગ-મકાન વિભાગ ધ્વારા કરોડો રૂપિયાનાં વિકાસકાર્યો શરૂ હોય તેમાં વિલંબ થવાની શકયતાઓ ઉભી થઈ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે જિલ્લાનાં વર્ગ-૧નાં બબ્બે અધિકારીની જગ્યા રાતોરાત ખાલી થઈ નથી કોઈ અધિકારી નિવૃત્ત થવાનાં હોય તેની ખબર ઉચ્ચકક્ષાએ હોય છે અને કોઈ અધિકારીની બદલી પણ ઉચ્ચ કક્ષાએથી થતી હોય છે. તો મહત્વનાં અધિકારીની જગ્યા ખાલી થાય કે તુરત જ તે જગ્યાએ અધિકારીની નિમણૂંક કેમ કરાતી નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઈન્ચાર્જ અધિકારીને ચાર્જ સોંપવા પાછળ કોઈ રાજરમત કે આર્થિક ગોલમાલ થાય તેવી પણ શકયતા ચોકકસ જોવા મળી રહી છે.

### ૨ વર્ષથી સતત માથુ દુઃખતુ હતું

## સાવરકુંડલાનાં હાડીડા ગામની મહિલાએ માથાનાં દુઃખાવાથી કંટાળી એસિડ પી લીધુ

**ભાવનગર ખાતે સારવાર દરમિયાન અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૩૧

સાવરકુંડલાતાલુકાનાહાડીડા ગામેજુનાપ્લોટવિસ્તારમાંરહેતાવંદનાબેન કેતનકુમાર ઘોડાદરા નામનાં ૩૪ પરિણીતાનેછેલ્લાબેવર્ષથીમાથામાંખુબજ દુઃખાઓ થતો રહેતો હોયઅને તેણીને દવાખાનેજવાનુંકહેતતોદવાખાનેજવાની ના પાડતા હોય અને મેડીકલ સ્ટોરમાંથી માથામાં ન દુઃખે તેવી ટેબલેટ લેતા હતાં. પરંતુતેણીનેમાથાનોદુઃખાવોબંધથતોહતો નહી અને માથાનાં દુઃખાવાના કારણે કંટાળીજતાગતતા.૨૩નાઆશરેબપોરે ૧ઃ૩૦વાગ્યેહાડીડાપોતાનાંરહેણાંકમકાને પોતેપોતાનીમેળેતેનાઘરેબાથરૂમમાંપડેલ એસીડનીબોટલમાંથીઆશરેઅડધીબોટલ એસીડ પી જતા સિવિલ હોસ્પીટલ ભાવનગર ખાતે સારવાર દરમ્યાન મરણ ગયાનુંપોલીસમાંજાહેરથવાપામેલછે.

## બોડિયા ચેક ડેમમાંથી પાણી છોડવા માંગ થઈ

લીલીયા, તા. ૩૧

લીલીયા તાલુકાના ભેસાણ ગામના સરપંચ દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગ અમરેલીને પત્ર પાઠવેલ જેમાં જણાવેલ કે બોડીયા ચેકડેમમાં પાણી ભરાતા ૬ થી ૭ ફુટ પાણી ભરાયેલ હોય જેમાં અમારા ગામ ભેસાણની ગામની જમીન ૧,૦૦૦ થી ૧,૨૦૦ વીઘામાં આવવા જવાનો ગાડા માર્ગ સંપૂર્ણ બંધ થયેલ છે તો ખેતરમાં કામકાજ માટે છ થી સાત ફુટ ઊંડા પાણીમાં ખેડૂત કઈ રીતે જઈ શકે તો ઉપરકોટ બાબત ગંભીર સમજી જલ્દીથી નિરાકરણ લાવવા વિનંતી કરવામાં આવેલ છે જો આ પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો અમારૂં આખુ ગામ ભેસાણ તા. ૫/૯/૨૪ ના રોજ જળ સમાધી લેશે તેવું કાર્યપાલક ઈજનેર જળ સિંચાઈ વિભાગ અમરેલીને પત્ર લખી જણાવવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીના જણાવેલ છે.

### ગામજનોને હાલરીયા હુલરીયા જવામાં મુશ્કેલી

## અમરેલીનાં સરભંડામાં ડાયવર્ઝન પુલ તુટી ગયા બાદ મરામત શરૂ કરાતી નથી

**જવાબદાર વિભાગ ઝડપથી આળશ ખંખેરે**

બાબાપુર, તા. ૩૧

અમરેલીનાં સરભંડા ગામે આવેલ શેત્રુંજી નદી ઉપર પુલનું કામ શરૂ હોવાથી ડાયવર્ઝન માર્ગ ઉપર હંગામી ધોરણે બનાવાયેલ પુલ વરસાદી પાણીમાં તણાઈ જતાં છેલ્લા એક અઠવાડીયાથી હાલરીયા, હુલરીયા તરફ જવાનો માર્ગ બંધ થયો હોય જવાબદાર વિભાગ દ્વારા યુધ્ધનાં ધોરણે હંગામી માર્ગની મરામત કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

### સતત આત્મહત્યાનાં વિચારો આવ્યા બાદ

## ખાંભાનાં મોટા સમઢીયાળા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૩૧

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે ધીરૂભાઈ જાદવભાઈ શેલડીયાની વાડીએ રહેતા અનીલભાઈ રાલુભાઈ અજનારીયા નામનાં ૩૫ વર્ષિય યુવકને થોડા દિવસથી મરવાના વિચારો આવતા હોય. જેથી તા. ૨૮ના ૩ વાગ્યે મોટા સમઢીયાળા પોતાની વાડીએ પોતે પોતાની મેળે ઝેરી જંતુનાશક દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ધારી માર્કેટયાર્ડમાં નવા કપાસની આવક શરૂ મુહુર્તનો ભાવ રૂા. ૨૮૧૧ બોલાયો

ધારી, તા. ૩૧

આજરોજ ધારી માર્કેટ યાર્ડમાં નવી સીઝનના નવા કપાસની આવક થઈ હતી. આ નવા કપાસની હરરાજીનો પ્રારંભ શ્રીફળ વધેરી હરરાજીની શરૂઆત કરવામાં આવેલ.

આજરોજ નવા કપાસની હરરાજીમાં મુર્હુતનો ભાવ રૂા. ૨૮૧૧/ બોલાયો હતો, કપાસના સારા ભાવ મળતા લાવનાર ખેડુત ખુશખુશાલ થઈ ગયેલ.

### વિસળીયા તથા સમઢીયાળાના બંધારો ઓવરફ્લો થતા

## રાજુલાનાં સમઢીયાળા, ખેરા, પટવા, ચાંચ અને આજુબાજુનાં ગામજનોને સાવચેત રહેવા અનુરોધ

**ગામજનોને નદીનાં પટ્ટમાં ન જવા અનુરોધ**

અમરેલી, તા. ૩૧

રાજુલાતાલુકાનાવિસળીયા તથાસમઢિયાળાબંધારોપૂર્ણસપાટીએ ભરાયો/ ઓવરફલો થયો હોવાથી વિસળીયાબંધારાનાલોલાઈનએરિયા (નીચાણવાળા વિસ્તાર)માં આવતા ગામો કથીવદર, કથીવદર પરા તથા વિસળીયાઅનેસમઢિયાળાબંધારાનાલો લાઈનવિસ્તાર (નીચાણવાળાવિસ્તાર) માં આવતા ગામો સમઢિયાળા, ખેરા, પટવા, ચાંચ તેમજ આસપાસના વિસ્તારનાલોકોનેનદીનાપટવિસ્તારમાં અવર જવર ન કરવા અનુરોધ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે નાગરિકોનેસલામતસ્થળેરહેવાસૂચના છે. તેમ રાજુલા સિંચાઈ પેટા વિભાગનના નાયબ કાર્યપાલક ઈજનેરએ એક યાદીમાં જણાવ્યુ છે.

## રાજુલાનો ધારેશ્વર ડેમ ઓવરફ્લો થતાં ૨૦૦ જેટલા ભાજપનાં કાર્યકર્તાઓ અને ખેડૂતો દ્વારા નવા નીરનાં વધામણા

રાજુલા, તા. ૩૧

રાજુલા શહેર જાફરાબાદ શહેર તેમજ તેર ગામો માટે સિંચાઈનો પાણી માટે આશીર્વાદરૂપ ધારેશ્વર ઘાતરવડી ૧ ડેમ ઓવરફ્લો થતાં ખેડૂતો અને શહેરીજનો દ્વારા હર્ષના આંસુ સાથે આ પાણીના વધામણા કરવામાં આવ્યા હતા. ડેમ ખાતે ભારતીય જનતા પાર્ટીના ૨૦૦ કાર્યકર્તાઓ ખેડૂત આગેવાનો અને શહેરીજનો દ્વારા નવા નિરના વધામણા કરવામાં આવ્યા હતા અને કુદરત દ્વારા અવિરત કૃપા કરવામાં આવતાનો પણ આભાર માન્યો હતો.



રવુભાઈ ખુમાણ, મયુરભાઈ દવે, રમેશભાઈ ડોબરીયા, આશિષભાઈ વાવડીયા, બીપીનભાઈ વેગડા, રાજુભાઈ પરસાણા, મહેશભાઈ ટાંક, અમિતભાઈ બાબરીયા, પ્રદીપભાઈ ટાંક, જે.ડી. દાખડા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા, રણછોડભાઈ મકવાણા, હિંમતભાઈ જીંજાળા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## જીલ્લા આરોગ્ય સોસાયટી ગવર્નીંય બોડીની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૩૧

જીલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને, જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા આરોગ્ય ગવર્નીય બોડીની બેઠક યોજાઈ હતી. ગવર્નીય બોડીની અને અમરેલી જીલ્લા આરોગ્ય સોસાયટી એકિઝકયુટિવ કમિટીની ગત બેઠકની કાર્યવાહી નોંધની ચર્ચા કરી તેની બહાલી આપવામાં આવી હતી.

જીલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યું કે, જીલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીઓ આવે છે, તેમને તમામ સુવિધાઓ પ્રાપ્ત થાય અને ટી.બી, હાયપર ટેન્શન સહિત વિવિધ રોગોના દર્દીઓનું સ્ક્રિનિંગ યોગ્ય રીતે થાય અને તમામ દર્દીની યોગ્ય તપાસણી થાય તે માટે સઘન પગલાઓ લેવા.

તાલુકા આરોગ્ય અધિકારીએ પોતાના તાલુકા વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની નિયમિત રીતે મુલાકાત કરવી. આરોગ્ય શાખાના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીનું નિરીક્ષણ ફરજીયાત કરવું. જીલ્લામાં Ayushman Bharat Health Account (ABHA) કાર્ડ માટે કરવામાં આવેલી કામગીરી સતત શરૂ છે, તે સરાહનીય હોવાનું જણાવી આરોગ્યના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા ફિલ્ડ વિઝિટ કરવામાં આવે તે બાબતે કલેકટરએ સૂચનાઓ આપી હતી.

બેઠકમાં જીલ્લામાં વિકાસ અધિકારી પરિમલ પંડયા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સહિત જીલ્લા આરોગ્ય સોસાયટી ગવર્નીય બોડીની તમામ સભ્યઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા.૦૧/૦૯/૨૦૨૪

**પ્રકરણ :૧૯૯ – ૧૯૬૨**

**''રંગોલી સજાઓ રે.. રંગોલી.. સજાઓ.... તેરે સૂર ઔર મેરે ગીત''**

**''હસરત હી રહી મેરે દિલ મે કભી.. કોઈ પ્યાર કરતાં.. કોઈ.. પ્યાર...''**

**''છોટી સી યે દુનિયા...પહેચાને રાસ્તે હૈ... તુમ કહી તો મિલોંગે... તો''**

પ્રિય વાચક મિત્રો ,

જન્માષ્ટમી પર્વની આપ સર્વને શુભ કામનાઓ, આ જન્માષ્ટમી પર્વ પર ભગવાન શ્રી કૃષ્ણએ માત્ર ભક્તિ સાથે જોડાવા માટે જલાષ્ટમી બનાવી, પણ પામર માનવીએ જુગાર અને આળસમાં તેના આત્માને નહીં, બુધ્ધિને પ્રાધાન્ય આપ્યું. આગામી સપ્તાહમાં ભગવાન ભોળાનાથના પવિત્ર શ્રાવણ માસની સમાપ્તિ બાદ દેવોમાં પ્રથમ પૂજય ભગવાન શ્રી ગણેશજીનું આગમન થશે . તમામ વાચક મિત્રોને ગણેશ ચતુર્થીની શુભ કામનાઓ.

ગત દિવસોમાં અમરેલી અકસ્પ્રેસ દૈનિકના તંત્રી શ્રી મનોજ ભાઈ રૂપારેલિયાનો જન્મ દિન હતો. તેમને શુભ કામનાઓ સાથે તેઓ અમરેલીની જનતાના પ્રશ્નોને વાચા આપતા રહે અને ભ્રષ્ટાચાર અને ગુનાહહિત પ્રવૃતી સામે અમરેલીની જનતા માટે સક્રિય રહે તેજ અભ્યર્થના સહ, શુભ કામનાઓ.

૧૯૬૨ના ફિલ્મી સફરમાં




દાદા મુનિ એટલે કે અશોક કુમારની ફિલ્મો બાદ આજે તેમના ભાઈ કિશોરકુમાર એટલે કે આભાશ કુમારની ફિલ્મોની વાત કરીશું. જો આપ મુક્ત મને હસવા માંગો છો તો કિશોર દાની આજની ફિલ્મો જોઈ શકો છો. કિશોર દાએ આ વર્ષે પાંચ ફિલ્મો આપી જેમાં બે ફિલ્મો સફળ અને ત્રણ ફિલ્મો એવેરેજ રહી. આ વર્ષે તેમની અને મધુબાલા જે હવે તેમના પત્ની છે. તેની સાથેની અંતિમ સફળ ફિલ્મ આપી. જેની ચર્ચા આગામી અંકમાં કરીશું.

બંબઈ કા ચોર – એસ ડી નારંગ ના નિર્દેશન અને રાજેન્દ્ર કૃષ્ણાના ગીતો અને રવિના સદા બહાર સંગીત સાથે રફીસાહેબ, કિશોર કુમાર, આશાજી ના સ્વરમાં રચાયેલ મધુર ગીતો સાથે કિશોરકુમાર (ડબલરોલ) માલાસિંહા, અમર એન કે મિશ્રા, એસ કે પ્રેમ, હની ઈરાની, હીરાલાલ, જગદીશ રાજ, નીલોફર, પ્રતિમા દેવી, મીના ફરેલ, દયા દેવી, બેલા, પુનમ કપૂર, સરલા, હેલેન, રામમોહન અને બાલમથી અભિનીત આ ફિલ્મ એક ક્રાઈમ થ્રીલર કોમેડી ફિલ્મ રહી. જે બોકસ ઓફીસ પર એવેરેજ સાબિત થઈ. અહી કિશોર કુમારે દર્શકોને પેટ પકડી હસાવ્યા છે. થોડી ચાર્લી ચેપલિનની નકલ અને મોટા ભાગે તેમનો અદ્વિતીય અભિનય જે બીજો કલાકાર કદિ કરી શકે નહી. તેવી લાક્ષણિક અદા આથી દર્શક પેટ પકડી હસે છે. બેકાર કિશોર એક બુટચંપલની દુકાનમાં કામ કરવા જાય ત્યારે ત્યારબાદ એક રેકોર્ડ વેચતા વેપારીને ત્યાં અને અંતે એક હેર કટિંગ સલૂનમાં કિશોર જે હાસ્ય પીરશ્યું છે. તેનું વર્ણન શકય નથી. તો કલબમાં કેકની ફેકાફેકી જે દ્રશ્ય આગામી વર્ષોમાં જીતેન્દ્રની સફળ ફિલ્મ ફર્જ માં સમાવાયું છે. તે તમામ દ્રશ્યોમાં દર્શકો બીજું બધુ ભૂલી માત્ર હસવા પર કેન્દ્રિત થઈ જાય છે.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈ એ તો કિશોર અહી ડબલ રોલ માં છે. તો એક ને કિશોર અને એક ને બદમાસ નામ આપીશું. કિશોર એક અનાથ છે. યુવા થતાં અનાથાલયને ચલાવવા રૂપિયાની જરૂર હોવાથી મુંબઈ જાય છે. તેને કોઈ કામનો અનુભવ નથી તેથી તે દરેક જગ્યાએ નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. તેની મુલાકાત અમીર યુવતી માલા સાથે થાય છે. જે મુલાકાત પ્રણયમાં બદલે છે. કિશોરનો હમશકલ બદમાસ છે જેને પોલીસ શોધી રહી છે. તે કિશોરને જોઈ જાય છે અને તેને ઊંચા પગારે નોકરી પર રાખી લે છે. તેને બદમાસના વેશમાં રેહવાનું હોય છે. અંતે કિશોરને તે વાતની ખબર પડે છે અને કિશોર અને બદમાસ વચ્ચે લડાઈ થાય છે. જેમાં બદમાસનો સાથી અમર બદમાસની હત્યા કરી તેનો આરોપ કિશોર પર લગાવી દે છે. પોલીસ ઈન્સ્પેકટર જગદીશ કિશોરને ગુનેગાર

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

સાબિત કરે છે, પણ કિશોર તેની આવડત અને ચતુરાઈથી એક એવી ગેંગને પોલીસ હવાલે કરે છે. જે મોટા ગુનહા આ સાથે જોડાયેલી હતી અને તે નિર્દોષ સાબિત થાય છે. સાથે માલા જે અનાથાલયને તેના પિતા દાન આપતા હતા, તે આપે છે અને કિશોરને જીવન સાથી બનાવે છે. ફિલ્મના ગીતોમાં હસરત હી રહી. મેરે દિલ કી કોઈ પ્યાર કરતાં... આજે પણ કિશોર દાના લોકપ્રિય ગીતો પૈકી એક છે.

રંગોલી –અમર કુમાર જેણે અહી અભિનય પણ કરેલ છે. તેના નિર્દેશન અને રાજીન્દ્ર સિંહ બેદી ના નિર્માણ કથા સાથે જી જી માં એકર નું એડિટિંગ કે વલકુનમની સિનેમા ઓટો ગ્રાફી સાથે હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના ગીતો સાથે શંકર જયકિશનના મધુર સંગીત સાથે કિશોર કુમાર, લતાજી, મુકેશ, મન્નાડેના સ્વર સાથે, કિશોર કુમાર, વૈજયંતીમાલા, દુર્ગા ખોટે, નાજીર હુસેન, બ્રહ્મ ભારદ્વાજ, ધુમાલ, અમર કુમાર , ઈફતેખાર , કૃષ્ણ કુમાર , સાધના રોય, ઉલહાસ, વૃન્દા અને જીવનથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. ફિલ્મના ગીતો આજેપણ લોકપ્રિય ગીતોમાં સામિલ છે.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈ એ તો કિશોર એક ધનિક પિતા ઉલહાસનો પુત્ર છે, પણ કિશોર તેની નાદાનિયતથી પરિચિત છે. તેના પિતા સમજે છે કે કિશોર એક આવારા જેવુ જીવન જીવી રહ્યો છે. કિશોરની મુલાકાત વૈજયંતી સાથે થાય છે. જે એક મધ્યમ વર્ગી પિતા નાજીરની પુત્રી છે. નાજીર તેની સામાન્ય આવકમાંથી




રકમ બચાવી મકાન બનાવવા માંગે છે અને તેના ભાઈ જીવન અને કોન્ટ્રાકટર ધુમાલને જવાબદારી સોપે છે. જે બન્નેની દાનત ખરાબ છે. કિશોર અને વૈજયંતીના પ્રેમને બન્ને પરિવાર સમન્તિ આપે છે, પણ ધનિક ઉલહાસ નાજીર પાસે પંદર હજારનું દહેજ માંગે છે. કિશોરને તે વાતની ખબર નથી. કિશોર નાજીર ને મકાન બનાવવા સિમેન્ટ આપે છે. જે ધુમાલ અને જીવન વેચી મકાનને નબળું બનાવી આપે છે. તેથી નાજીર મકાનમાં પ્રવેશતા જ ઝખમી થઈ જાય છે. કિશોર વૈજયંતીને સત્ય સમજાવે તે પેહલા જીવન કિશોરને નકલી સિમેન્ટ આપવાના આરોપમાં મૂકી દે છે. તદુપરાંત જીવન નાજીર ના ઘરેણાં પણ પડાવી લે છે અને એક વેપારીને વૈજયંતી સાથે તેના લગ્ન કરાવી આપશે તેમ કહી તેની પાસેથી પણ રકમ ઓળવી જાય છે. વૈજયંતી અને નાજીરને જીવનની કૂટનીતિ સ્પષ્ટ દેખાય છે, પણ કિશોરને પોલીસ પકડી જાય છે, પણ કિશોર હિમ્મત હારતો નથી અને ધુમાલ અને જીવનનું સત્ય સામે લાવે છે અને તેમને પોલીસના હવાલે કરે છે. ઉલહાસ નાજીરની માફી માંગે છે અને વૈજયંતીને પુત્ર વધુના રૂપે સ્વીકાર કરે છે. ફિલ્મમાં શંકર જયકિશનના સંગીતમાં કિશોરે ... ''છોટી સી યે દુનિયા અને રંગોલી સજાઓ..'' ગીતમાં સ્વર આપ્યો છે. જે તેની લાક્ષણિક ગાયિકીથી અલગ છે. જે તેને એક ઉમદા ગાયક તરીખે રજૂ કરે છે. ફિલ્મ સફળ રહી હતી.

નોટી બોય –શક્તિ સામંતની આ ફિલ્મમાં પેહલા કિશોર અને મધુબાલાની જોડી નક્કી હતી પણ મધુબાલાની નાદુરસત તબિયતના લીધે આ ફિલ્મમાં નવોદિત નાયિકા કલ્પના મોહનને નાયિકામાં લેવામાં આવ્યા હતા. એસ ડી બર્મનના સંગીત અને શૈલેન્દ્રના ગીતમાં એસ ડી એ અહી કિશોર કુમારને મન્ના ડે નો સ્વર આપ્યો છે. જે પ્રથમ વાર છે. ફિલ્મમાં કિશોર કુમાર, કલ્પના, લક્ષ્મી છાયા, કૃષ્ણ કાન્ત, કુંદન, મૂલચંદ, ઓમ પ્રકાશ, મદન પૂરી, કનુ રોય શિવરાજ, સુંદરથી અભિનીત આ ફિલ્મ એવેરેજ રહી હતી. ફિલ્મની કથા હાસ્યથી સજેલ છે. કિશોરને રેહવા માટે એક રૂમ મળે છે પણ મકાન માલિક એ પ્રેમનો વિરોધી માણસ છે. કિશોરની મુલાકાત કલ્પના સાથે થાય છે અને બન્ને પ્રેમમાં જીવન સાથી બનવાનું વિચારી લે છે પણ તેવામાં એક ટ્રેન અકસ્માતમાં કલ્પનાના નિધનના સમાચાર કિશોરને મળે છે. કિશોર ઉદાસ થઈ જાય છે અને ઝીંદગીથી હારી જાય છે. તેવામાં કલ્પના જીવિત નીકળે છે અને પરત આવે છે. તે સમયમાં કિશોરના સાથી મિત્રો કિશોરને ઉદાસીમાંથી બહાર લાવવા પ્રયત્ન કરતાં હોય છે.

તે કલ્પના જોઈ જાય છે. તેમાં કિશોર તેને હસતો જુવે છે અને કિશોર તેને પ્રેમ કરતો નથી. તેમ માની તેને બદલે મદન સાથે પ્રણય કરવા લાગે છે. જે એક માત્ર ઢોંગ હોય છે. કિશોરના સાચા પ્રેમને કલ્પના સ્વીકારે ત્યારે ઘણું મોડુ થઈ ગયું હોય છે. કારણ કે મદન જે ગુનાહિત માનસ ધરાવે છે. તે કિશોર અને કલ્પનાને એક થવા દેવા માંગતો નથી પણ કિશોર મદનને મહાત કરી, કલ્પનાના પ્રેમને જીતી લે છે. ફિલ્મમાં કિશોરને સૌ પ્રથમ વાર મન્ના ડે નો સ્વર એસ ડી બર્મને આપ્યો છે. ફિલ્મમાં કિશોર અને આશાજીના સ્વરમાં પણ ગીતો છે. જે તે સમયે લોકપ્રિય રહ્યા હતા. આગામી અંકમાં કિશોર અને મધુબાલાની સફળ ફિલ્મ સાથે મળીશુ. **આભાર.**

# પ્રસન્ન આત્મા ઈંદ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે

ગત તા.૨૮/૦૮/૨૪ ના રોજ એક અવિસ્મરણીય ફંકશનનો ભાગ બનવાનું મારા પરમ મિત્ર, માર્ગદર્શક અને સદાય પ્રસન્ન રહેતા એવા એવરગ્રીન ડો.ભરત કાનાબાર સાહેબને કારણે બન્યું હતુ. ફંકશન હતું, રાજયસભાના સાંસદ અને સફળ ઉદ્યોગપતી અને મારા ગામ લાઠી તાલુકાનાં દૂધાળાના વતની એવા ગોવિંદભાઈ ધોળકીયા (ગોવિંદકાકા )ના જીવનયાત્રાનાં સંસ્મરણો એવી તેમની આત્મકથા "Diamonds Are Forever So Are Morals"ના ગુજરાતી સંસ્કરણને આવકારવાનો.

હું ગોવિંદ કાકાને રૂબરૂ પહેલી જ વાર મળ્યો હતો અને આખાય ફંકશનમાં મને જે વાત ખુબજ સ્પર્શી ગઈ અને મને રીચાર્જ કરી ગઈ એ હતી. ગોવિંદ કાકાની પોઝીટીવ ઉર્જા અને પ્રસન્નતા. આખાય ફંકશનની ચર્ચા નહી કરૂ પણ એક વાત જે ગોવિંદકાકાએ કહી તે કહ્યું એટલે તમને ગોવિંદ કાકાનો પરીચય થઈ જશે. ગોવિંદકાકાએ કહ્યું કે અત્યારે જે યુગ ચાલે છે (સમય છે ) તેવો યુગ રામ–રાજયના વખતમાં પણ નહોતો એટલો સારો સમય છે, પણ આપણને સતત નકારાત્મક સમાચારો સાંભળવાની અને કોઈ પણ બાબતને નકારાત્મક લેવાની ટેવ પડી ગઈ છે.

વાત સાવ સાચી છે, આજે તા.૩૦/૦૮/૨૪ સુધીમાં સમગ્ર ગુજરાતમાં ૧૧૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે અને હજુ તો વરસાદની સીઝન એક મહીનો બાકી છે. આપણે એ યુગ પણ જોયો છે. જયારે બહેનો આખો દીવસ માત્ર બહારથી પાણી ભરવાનું જ કામ કરતાં હતા અને આજે સરકારના પ્રયત્નોથી નર્મદાને કારણે હું જયાં નોકરી કરૂ છે. એવા નાનકડા એવા ખડકાળા ગામમાં પણ રોજ ત્રણ કલાક નર્મદાનું પાણી આવે છે. ઘરે ઘરે ગાડી ને એ.સી. છે. લોકોનું જીવન ધોરણ ખુબ જ સુધરી ગયું છે અને જોવે એટલી ભૌતીક સુખ–સમૃધ્ધી છે. આ બધુ જ હોવા છતા આપણે હોવા જોઈએ એટલા પ્રસન્ન રહીએ છીએ ખરા?

આપણને કારણ વગર દૂ:ખી થવાની ટેવ પડી ગઈ છે અને એમાથી બહાર નીકળવાની જરૂર છે અને તે માટે પોતાની જાત સાથે નિરાંતે બેસવાની જરૂર છે. આપણને જે જોઈતું હતું તે બધુ જ મળી ગયું છે. છતા પણ આપણે હોવા જોઈએ એટલા પ્રસન્ન નથી. કારણ આપણી પ્રસન્નતા આપણે બીજા ઉપર આધારીત કરી છે. શ્રાવણ માસનો કાલે છેલ્લો દિવસ છે. આવતીકાલથી આપણે ગણપતી દાદાના આગમનની તૈયારી શરૂ કરીશુ. ગણપતીએ વિધ્નહર્તા અને રીધ્ધી–સીધ્ધીના સ્વામી છે. ગણેશજીના આગમનથી જ આપણું મન શાંતી અને પ્રસન્નતાનો અનુભવ કરવા માંડે છે.

છેલ્લા એક દાયકામાં ભારતે વિકાસની હરણફાળ ભરી છે. વિશ્વના વિકાસશીલ દેશોને આપણે પાછળ રાખી દીધા છે. ચાંદ સુધી આપણે પહોચી ને વિશ્વની ત્રીજા નંબરની આર્થીક મહાસત્તા બનવાના દ્વારે આપણે ઊભા છે.

૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે આપણે ખૂબ ગરીબ અને પછાત હતા. ''જહાં ડાલ ડાલ પર સોને




**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**


કી ચીડીયા કરતી હે બસેરા એ ભારત દેશ હે મેરા'' આવા ભારતને વિદેશીઓ લૂટીને સાવ ગરીબ અને પછાત દેશ બનાવી દીધો હતો અને આઝાદીના ૭૫ વર્ષ પછી આપણે પાછા એ સોને કી ચીડીયા વાળા ભારત બનવાના સ્વપ્ન સેવવા માંડયા છે. જે વિશ્વનું પ્રતીનીધીત્વ કરે.

આપણે આઝાદ થયા ત્યારે આપણી મૂળ જરૂરીયાત ''રોટી કપડાં ઓર મકાન'' હતી જે પ્રગતીશીલ ભારતમાં હવે પૂરી થવા આવી છે. હવે આપણી જરૂરીયાત વિકાશ શીલ દેશો જેવી છે અને એ બાજુ ના પ્રયત્નો પણ ચાલું કરી દીધા છે. પણ આપણાં માટે ચિંતાનો વિષય એ છે કે, બધા જ સુખ સગવડ મળતા હોવા છતા આપણે ખુશ નથી! હાલમાં જ હેપ્પી દેશોનો ઈન્ડકસ જાહેર કર્યો એમાં આપણે સાવ છેવાડે ઊભા છીએ. આ યાદીમાં જે દેશો સૌથી વધુ હેપ્પી (ખુશ ) છે. તેમાં ફીનલેંડ, નેધરલેન્ડ, સ્વીઝરલેંડ જેવા દેશો છે. આટલી બધી પ્રગતી પછી પણ આપણે હોવા જોઈએ એટલા ખુશ નથી !શું કારણ છે? આ આપણાં માટે ચિંતાનો વિષય છે કારણ જો આપણે હેપ્પી નહી રહી શકીએ તો તેવી પ્રગતી શું કામની?

આ ચર્ચા એટલા માટે આજે કરીએ છીએ કે આજનો યુવાન માનસીક રોગોનો ખૂબ મોટો શીકાર બનતો જાય છે. આજનો આપણો યુવાન એ આવતીકાલ ના ભારતનું ભવિષ્ય છે અને આયુર્વેદ મુજબ '' પ્રસન્ન આત્મા ઈંદ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે'' અર્થાત જે વ્યકિતના આત્મા,મન ઈન્દ્રીયો પ્રસન્ન છે તે વ્યકિત જ સ્વસ્થ છે.

માનસીક અશાંતી –તાણ, ભાગ–દોડ વગેરે આજે શહેરી સ્પર્ધાત્મક સમાજમાં વધતાં જાય છે. જેને પરિણામે દર વર્ષે, વિશ્વના દર પાંચમાથી એક માનસીક તકલીફો માં સપડાય છે વિમાં રોગોનું ભારણ નામના વિ આરોગ્ય સંસ્થાના દસ્તાવેજ મુજબ, જે રોગોને કારણે માણસની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઘટી જઈને અનેક માનવ ક્લાક વેડફાઈ છે એવા રોગોની યાદીમાં માનસિક રોગો અને વ્યસનોનું નામ પ્રથમ પાચ રોગ પૈકી જ હોય છે.

આજકાલ, ચિંતા (એન્કઝાયટી) અને હતાશા (ડીપ્રેશન) આ બે માનસિક બીમારી સેથી વધુ વ્યાપક છે. માનસિક બીમારીને કારણે માત્ર માણસની કાર્યક્ષમતા જ નહી, પરંતુ આવરદા પણ ઘટે છે. ડિપ્રેશનની બીમારીનું ગંભીર કોમ્પ્લીકેશન એટલે–આપઘાત. યુવાન વયે અકાળ મોત નિપજાવવામાં ડિપ્રેશનની બીમારી ખૂબ જ મોટો ફાળો આપે છે. માનસિક બીમારી થાય એ પહેલા અનેક દી માનસિક બીમારી થવાની શકયતા ન હોય એવા ઘણા લોકોને પણ માનસિક અશાંતીનો અનુભવ વારંવાર થયા કરે છે. માનસિક અશાંતીનું કારણ ભાગ–દોડ, તાણ, ગુસ્સો, એકલતા, ઈર્ષ્યા વગેરે હોય શકે છે. માનસિક બીમારી કરતાં અનેક ગણા વધુ લોકોને સતાવતી આવી મનની આ અશાંતિને પણ ઊંડાણપૂર્વક સમજવાની અને એમાથી બહાર આવવાની જરૂરીયાત છે .**(ક્રમશઃ)**





**મર્મ સ્થાન :** ગોવિંદ કાકાથી આ લેખની શરૂઆત કરી હતી અને તેમને આ લેખ સમર્પીત છે. ઉપરોક્ત ફોટો એટલે મૂકયો છે કે જે લોકો ગોવિંદકાકા ને મળ્યા નથી તેને તેની પ્રસન્નતાનો અનુભવ થાય, એટલે જે વાત તેમને મળ્યા પછી મને ધ્યાનમાં આવી એ છે કે ગોવિંદકાકાએ પોતાનાથી ખૂબ ખુશ છે અને તેનું કારણ કે એમને કોઈનાય પ્રત્યે કોઈ ફરીયાદ કે અપેક્ષા નથી જયારે તમે સ્વઃમાં ખુશ રહેવા માંડો ત્યારે સમજવાનું કે તમને જીવતા આવડી ગયું છે અને આવા વ્યકિતને દુનીયાના તમામ સુખ–સમૃધ્ધી અને સફળતા મળે જ કારણ તમે કુદરતનું (ઈશ્વર) સૌથી મોટું કામ કરો છો અને તે છે પ્રસન્નતા, ઈશ્વરે આપણને પ્રસન્ન રહેવા જ આ ધરતી પર મોકલ્યા છે પણ આપણે કારણ વગરના દૂ:ખી થઈ ઈશ્વરનો ભાર વધારીએ છીએ, મિત્રો ગોવિંદકાકાની જેમ પ્રસન્ન રહેવા માંડો, ઈશ્વરે તેમને જેટલું આપ્યું છે. તેનાથી પણ વધારે આપશે. કારણ ઈશ્વર ખૂબ દયાળુ છે અને તેને જરૂર છે. એવા માણસોની કે જે તેનું કામ ઘટાડે અને આ ધરતીને પ્રસન્નતા અને શાંતી આપે...

# સંસ્કૃતિ અને સ્માર્ટનેસ

આપણા બાળકોને આપણે આપણી સંસ્કૃતિ તરફ વાળીએ. આપણી આજની જનરેશન આપણી મૂળભૂત સંસ્કૃતિથી વિમુખ થતી જોવા મળે છે. તેઓને આપણી સંસ્કૃતિ તરફ વાળવા ખૂબ અનિવાર્ય છે. આપણને સૌ કોઈ અનુભવતા હશું કે, આપણા બાળકોને અમુક ધાર્મિક ક્રિયાઓ કરવામાં હવે બહુ જાજો રસ રહ્યો નથી. અથવા તો આ ક્રિયાઓ શા માટે કરવી? તેવા અનેક પ્રશ્નો કરતા હોય છે. આપણા બાળકો આપણને ઘણીવાર પ્રશ્ન કરતા હોય છે કે, દીવો શા માટે કરવો ? તિલક શા માટે કરવું ? માતાજી કે ગણપતિજી કે શિવ કે કૃષ્ણની સ્તુતિ શા માટે કરવાની ? કોઈ એક ભગવાનની સ્તુતિ કરીયે તો નાં ચાલે ? ત્યારે આપણે આપનાં બાળકોને સમાજવાની જરૂર છે કે, ' અગ્નિ એ એકમાત્ર ગુઢત્વાકર્ષણથી વિદ્ધ કામ કરતું તત્વ છે. તેની જયોત ઉપરની તરફ જાય છે. અગ્નિ એ એકમાત્ર એન્ટી ગ્રેવિટી છે. જે નીચેની તરફ નહીં પરંતુ ઉપરની તરફ ગતિ કરે છે. આપણે માતાજી ગણપતિ કે શિવની સ્તુતિ એટલા માટે કરીએ છીએ. કારણ કે આપને જે શક્તિનો આહવાહન કરવા ઈચ્છતા હોય તે શક્તિની સ્તુતિ કરીએ તો તેના સુધી પોહચી શકmins .

દા.ત., આપણે જે તે વ્યક્તિને ફોન કરવા ઈચ્છતા હોઈએ, તેનો જ નંબર લગાવવો પડે છે. આપણે જો કોઈ બીજી વ્યક્તિનો નંબર લગાવીશું તો, જેની સાથે સંપર્ક કરવા ઈચ્છતા હશું તે વ્યક્તિ નહીં મળે. તેવું જ ઈશ્વરમાં પણ છે.આ સ્તુતિ કે સ્ત્રોત તે ઈશ્વર સુધી પોંહચવાનો નંબર છે. આપણે શક્તિના જે સ્વરૂપની આરાધના કરવા ઇચ્છતા હશું. તે જ ભગવાનની સ્તુતિ સ્તોત્ર કરવા પડે. પરંતુ આપણા સૌ કોઈને તકલીફ તે છે કે, આપણે





## વિસામો

**વૃંદા ચિંતન મહેતા**
**રાજુલા**

આપણી સંસ્કૃતિના મૂળથી પૂરેપૂરા અવગત નથી. આપણે આવું કશું જાણતા જ નથી. એટલે જ આપણને લાગે છે કે આપણી ભોજન તથા વસ્ત્રમાં સાચવી છે. આપણી સંસ્કૃતિ ભોજન અને વસ્ત્રમાં નહીં સચવાય. તેને સમજવી પડશે. તેને શીખવી પડશે. સંસ્કૃતિ એ વસ્ત્રમાં નથી. શોર્ટ પહેરીને શ્લોક બોલતી છોકરી, તેટલી સુસંસ્કૃત અને સંસ્કારી છે. જેટલી સાડી પહેરીને પૂજા કરતી સ્ત્રી સંસ્કારી છે. કપડાં પહેરવાથી કે ઉત્તમ ભોજન લેવાથી આપણે સુ સંસ્કૃત અને સંસ્કારી છીએ તેવું સાબિત નહીં કરી શકીએ. આપણે નવી પેઢીને એ જ શીખવાનું છે કે તે આપણી સાચી સંસ્કૃતિને સમજે અને જડ પરંપરાઓને છોડે. આ બધી મુશ્કેલીનું મુખ્ય કારણ એ આપણી વાંચનવૃત્તિનો અભાવ છે. જો આપણને જ આપણી સંસ્કૃતિના મૂળ તથા તેના ધાત્વિક મર્મનો ખ્યાલ જ નહીં હોય. તો આપણા બાળકોને આપણે તેનું આંધળું અનુકરણ કરવા કહીશું તો આજની સ્માર્ટ અને વિચારશીલ પેઢી આપણી વાતને નહીં સ્વીકારે.

આપણી સાચી સંસ્કૃતિથી આપણા બાળકોને અવગત કરાવ્યે. ત્યારબાદ આપણે બાળકો પર છોડી દઈએ કે આપણી સંસ્કૃતિને સ્વીકારવા માંગે છે કે નહીં. શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને ગીતાના અઢારે આધ્યાય કહ્યા બાદ પણ, આચરણ તેના ઉપર છોડી દીધું હતું.

મોર્ડન કપડા પહેરવાથી, સિગરેટ, શરાબ, વધુ પૈસા કમાવવાથી, હાઈફાઈ લાઈફ સ્ટાઈલ જીવવાથી, નોનવેજ ખાવાથી કંઈ આપને સ્માર્ટ નહી થઈ છે. સ્માર્ટનેસ તો વ્યકિતત્વમાં હોવી જોઈએ, સ્માર્ટનેસ આચરણમાં હોવી જોઈએ. જો પૈસા કમાવતી નથી જ સ્માર્ટનેસ આવી જતી હોત તો, અંબાણી પરિવારમાં બધા જ સ્માર્ટ હોત અને મોડેલ કપડા દારૂ કે નશો કરવા આવતી હોત તો દાઉદ ઈબ્રાહીમ જેવા આતંકવાદીઓ પણ સ્માર્ટ અને સુસંસ્કૃતિ હોત.

આપણે બધા માણસ તરીકે જન્મ્યા. તો આપણે જગતના સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ અને સ્માર્ટ છે. અન્ય જીવ પ્રાણીઓની સરખામણીમાં આપણી પાસે પેઢીઓ છે. આપણી પેઢીઓ પાસેથી મળેલું જ્ઞાન છે. આપણને આપણી સંસ્કૃતિના મૂળ કે જ્ઞાનનો ખ્યાલ નથી કે, આપણે તેની સુધી પહોંચી નથી શકયા એટલે તે જ્ઞાન કે સંસ્કૃતિનું અસ્તિત્વ નથી એવું નથી. આપણે ચાઈના નથી જોયું એટલે ચાઈના નથી એવું નથી. That min કે આપણી સંસ્કૃતિનાં મૂળ અને તેની ધરોહર ખૂબ ઊંડી છે. આપણે જાણતા નથી, ત્યાં સુધી પહોંચી નથી શકયા એટલે આપણને એવું લાગે છે કે આપણે સંસ્કૃતિ વસ્ત્ર, ભોજન અને પ્રવૃત્તિઓમાં જ સચવાયેલી છે. આપણી સંસ્કૃતિએ આપણી ભીતર છે અને તેને આપણે સાચવવાની છે. દરેક દેશને પોતાની સંસ્કૃતિ કે વિરાસત હોય છે. દરેક દેશની સંસ્કૃતિની અલગ અલગ હોય છે. આપણે અન્ય કોઈ દેશની સફર પર કે ટુર પર ગયા હોય ત્યારે ત્યાંના ભોજન કે વસ્ત્રનો પહેર્યા હોય માણ્યા હોય, પરંતુ આપણે આપણા દેશમાં પાછા ફરીયે ત્યારે તે વસ્ત્રો કે ભોજન લઈએ છીએ ? નહીં..! કારણ કે આપણા ભોજન કે વસ્ત્રો આપણને સંતોષ અને શાંતિ આપે છે. આ સંતોષ કે શાંતિ એ જ આપણી ભીતર રહેલી સંસ્કૃતિનું અનુસંધાન છે. પેઢીઓથી આપણે જે ભાષા બોલીએ છીએ ભોજન લઈએ છીએ. આપણને વારસામાં મળેલું છે. તેની સાથે જોડાયા બાદ જ આપણને કશુંક સરસ ફીલ થતું હોય છે. આ ફીલિંગ જ આપણે સંસ્કૃતિ સાથેનું અનુસંધાન છે. આપણે જો સુખ કે શાંતા મેળવવી હશે, તો સંસ્કૃતિ તરફ પાછા ફરવું અનિવાર્ય છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ–સ્કુલ–હોસ્ટેલમાં નંદોત્સવની ઉજવણી



ભારત તહેવારનો દેશ છે આપણે ધાર્મિક સામાજીક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ તેમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ દિવસ એટલે કે જન્માષ્ટમી શ્રાવણ સુદને સાતમનો દિવસ અને આઠમની મધ્ય રાતે ભગવાન શ્રીકૃષ્ણ મજુરાની જેલમાં જન્મયા હતાં. જગતના નાથનો જન્મદિવસ નંદોત્સવ ૨૦૨૪નું શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા, સ્કુલ તથા જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એકસેલન્સ તેમજ જીલ્લા કક્ષા સપોર્ટસ સ્કૂલના બાલમંદિરથી ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ કાન્હા, ગોપી, રાધાજી અને યશોદાજી–કાન્હા (માતા–બાળક) તથા ગોકુળીયાના ગોવાળિયાની વેશભૂષા ધારણ કરી નાના ભૂલકાઓ દ્વારા પ્રસંગને અનોખો બનાવી ભગવાનનું બાળ સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું. અને આખું કેમ્પસ જય કનૈયા લાલ કી સાથે ગુંજી ઉઠયું વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહભેર ભાગો લઈ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મટુકી ફોડી રાસ ગરબા સાથે ભગવાન બાળ સ્વરૂપે રાસલીલા રમી રહ્યા હોય તેવો નજારો પણ જોવા મળ્યો હતો જેમાં બેસ્ટ કાના અને બેસ્ટ રાધા તેમજ બેસ્ટ યશોદાજીની જોડીને નિર્ણાયકોની ટીમ દ્વારા સારૂં પર્ફોર્મન્સ કરેલ ને વિભાગ વાઈઝ બાલમંદિર તેમજ ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ, ઈંગલીશ મીડીયમ અને મિશ્ર માધ્યમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપેલ વિદ્યાર્થીઓને ભેટ–પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતાં. વિદ્યાર્થીઓમાં અભ્યાસ અને સંસ્કારનું સીંચન થતું રહે તેવા હેતુ સર કેમ્પસમાં આવા સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં દિનેશભાઈ ભુવા, સુરેશભાઈ દેસાઈ, રાજુભાઈ ગઢીયા, ગણપતભાઈ, સાગરભાઈ મહેતા, સરલાબેન ગજેરા, પટેલ સમાજ અને ખોડલધામ સમિતિના હોદેદારો મંત્રી ચતુરભાઈ ખૂંટ, ટ્રસ્ટી ખોડાભાઈ સાવલિયા, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સ્કૂલ – કોલેજ પ્રિન્સીપલઓ, સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં શ્રી સત્યનારાયણ મંદિરનાં**

આ પરિષદના સભ્યોને જોઈને જુની યાદ આવેલ કે મંદિરમાં રહેતા ભાઈએ બહાર મેઈન ગેઈટે તાળા મારી દીધેલ અને રોજ સવાર સાંજ "ઓમ નમઃ શિવાય" મંત્ર મેઈન ગેઈટ ઉપર બે માઈકનાં ભુંગળા છે તેથી મંત્ર વગાડીએ છીએ તો મંદિરની જગ્યામાં ઘુસી કબ્જેદાર માણસે પોલીસ ખાતામાં ફરિયાદ કરી કે મંદિરના સેવક તેમને ખૂબ ગાળો આપે છે અને આ મંત્ર વગાડે છે અને હેરાન કરે છે. આવી ખોટી ફરિયાદ કરેલ તેથી સાંજે ૭:૩૦ વાગ્યે મંદિરના સેવક પૂજા કરતા હતા ત્યારે બહાર મેઈન ગેઈટે બે પોલીસો ખાતમાં આવેલ અને મંદિરના સેવકને ધમકાવા માંડેલ કે માઈક વગાડવાની પરમીશન લીધી છે ? આ મંદિરમાં રહેતા ભાઈને શું હેરાન કરો છો ? આ પોલીસ ખાતામાંથી આવેલ ૨ (બે) જણને જોઈને મંદિરના સેવક ખૂબ જ ગભરાઈ ગયેલ ત્યારે સેવકની ઉંમર ૫૦ વર્ષ હતી. પહેલીવાર આવો પ્રસંગ હતો ત્યારે આ સેવકને અજયભાઈ અગ્રાવત મદદે આવેલ અને સેવકને લઈને વિશ્વ હિન્દુ પરિષદનાં ડો. ગજેરાની હોસ્પિટલે ગયેલ–બધી વાત કરેલ તરત જ મનસુખભાઈ રૈયાણી, દડુભાઈ ખાચર સાથે પોલીસ સ્ટેશને આવેલ અને પછીની કાર્યવાહી "ઓમ નમઃ શિવાય" મંત્ર વગાડવાની કાયમી શાંતિ થઈ ગઈ. અમો વીએચપી, એએચપીનું ૨૦૧૦થી આજ સુધી મંદિરે સ્વાગત કરીએ છીએ. અમો સેવકો આ ધાર્મિક સંસ્થાના રૂણી છીએ. આ સમયે કનુભાઈ, વિસામણભાઈ વાળા યાદ આવે છે. કારણ કે છેલ્લા અંદાજીત ૩૦ વર્ષથી મોટી હેરાનગતી હોય તો અમો તેના ઘરે જઈને આ ભાઈની ફરિયાદ કરતા કે આ રીતે અમને હેરાન કરે છે. તરત જ તેઓ સાથે આવતા અને મંદિરની જગ્યામાં રહેતા ભાઈને તથા તેના કુટુંબને ઠપકો આપતા. અંદાજીત આટલા વર્ષમાં ૨૫ વખત મંદિરે આ ભાઈને ઠપકો દેવા આવેલ છે. તેને લીધે જ આ મંદિર ખુલ્લુ છે અને અમે બધા ભકતો શાંતિથી સેવા પૂજા કરીએ છીએ. આજની તારીખે પણ માનસિક ત્રાસ, તેમની રમતો નાની–મોટી ચાલું જ છે તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૨૮૧૧ | ૨૮૧૧ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૧૦૧૫ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| ૪ | ચણા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| ૫ | શીંગ દાણા | ૧૦૮૯ | ૧૩૯૦ |
| ૬ | જુવાર | ૫૫૧ | ૫૫૧ |
| ૭ | તલ | ૧૯૭૦ | ૧૯૭૦ |
| ૮ | અડદ | ૧૩૧૩ | ૧૭૦૦ |
| ૯ | એરંડા | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૧૦ | ધાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૨૦૨ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૫૯ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૩૦ |
| ૫ | તલ કાળા | ૧૮૦૦ | ૩૫૧૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૮૨ |
| ૮ | જુવાર | ૩૮૫ | ૮૬૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૭ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૧ |
| ૧૧ | મગ | ૧૪૬૦ | ૧૫૧૫ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ૧૩ | તુવેર | ૧૯૫૬ | ૧૯૫૬ |
| ૧૪ | કપાસ | ૯૭૫ | ૧૫૮૩ |
| ૧૫ | એરંડા | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ૧૬ | જીરૂ | ૪૦૬૦ | ૪૪૯૦ |
| ૧૭ | ધાણા | ૯૯૫ | ૧૨૦૦ |
| ૧૮ | મેથી | ૭૯૦ | ૧૧૧૧ |
| ૧૯ | સોયાબીન | ૬૪૫ | ૮૪૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં વરસડા ગામ નજીકથી**

રૂપિયા ૫,૪૮,૧૬૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂા. ૧૫,૦૦૦ તેમજ તાડપત્રી નંગ – ૨ કિંમત રૂપિયા ૧,૦૦૦, એક ટ્રક રજી. નંબર જી.જે.–૦૪ એકસ ૫૦૪૯ કિંમત રૂ.૧૧ લાખ મળી કુલ રૂપિયા ૧૬,૬૪,૧૬૦ નો મુદ્દામાલ પકડી પાડી, આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે તથા આ બનાવમાં હાજર નહીં મળી આવેલ આરોપી વિરાજ પ્રવિણચંદ્ર રાણા, (રહે. ઢસા) ની શોધખોળ આદરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાની સ્ટ્રીટલાઈટનાં**

સમયે તેમને પણ વીજ કરંટ લાગતા દુર ફંગોળાયા હતા જોકે તેમનો આકસ્મિક બચાવ થયો હતો. બગસરા નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટના વીજવાયરોની ચકાસણી કરી જયાં જરૂર હોય ત્યાં તાત્કાલિક ટેપ લગાડી સમારકામ કરવામાં આવે તે જરૂરી છે. જેથી આવા અબોલા પ્રાણીઓના જીવ બચાવી શકાય. આ ઉપરાંત એક ગાય તેમાં બે જીવ હતી એટલે તેમાં ત્રણ જેવું શોર્ટથી ગુમાવ્યા હતા.


## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે :– કોટડી ગામના રે.સ.નં.૧૯૮ ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ વિનોદભાઈ નરશીભાઈ, પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૩૯૭/૨૪ તા.૨૧/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## અવસાન નોંધ

**અમરેલી :** સૌરાષ્ટ્ર બાજ ખેડવાળ બ્રાહ્મણ ગુણવંતરાય વ્રજલાલ દવે (ઉ.વ. ૮૮, નિવૃત ઓડિટર) તે હંસાબેનના પતિ, સ્વ.રાજેશભાઈ (કેનેડા), કમલેશભાઈ (કેનેડા), અવિનાશભાઈ (જામનગર), ભરતભાઈ (અમરેલી), નીતિનભાઈના પિતાજી તથા જયોતિબેન, કૃતિકાબેન, સરોજબેન, સ્વાતિબેનના સસરા, જન્મેજય, મયુરેશ – માનસી – પાર્થ – જહાનવીના દાદાનું તા. ૩૦/૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨ ને સોમવારે સાંજે ૪ થી ૬ ખેડાવાળ બ્રાહ્મણ બોડિંગ, ગલ્સ સ્કુલની સામે, અમરેલી ખાતે રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૨૫ |
| ૨ | શીંગ દાણા | ૧૩૬૦ | – |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૫૬ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૧૯૧ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૫૦ |
| ૬ | કપાસ | ૧૨૪૫ | ૧૫૯૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૬ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૭૫ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૬૦૫ |
| ૧૧ | મગ | ૧૪૪૦ | ૧૫૧૯ |
| ૧૨ | ચણા | ૧૪૦૦ | ૧૫૩૮ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | – |

# હયાત એડવોકેટની મુદ્દત પૂર્ણ થતી હોવાથી

# અમરેલી જિલ્લા સરકારી વકીલ, પીપી, એજીપીની જગ્યાઓ ભરવામાં આવશે

## કાયદા સ્નાતકોએ ૧૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં જિલ્લા ન્યાયાલય ખાતેની કોર્ટ તથા તાબા હેઠળની કોર્ટમાં, ૦૧ (એક) જિલ્લા સરકારી વકીલ અને પબ્લિક પ્રોસિકયુટર તથા ૦૪ (ચાર) એડિશનલ ગવર્નમેન્ટ પ્લીડર અને એડિશનલ પબ્લિક પ્રોસિકયુટરની મુદત પૂર્ણ થાય છે. આ જગ્યાઓ પર નિમણૂંક કરવાનો નિર્ણય છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)–૨૦૨૩ની કલમ–૧૮(૪) તથા કાયદા અધિકારી (નિમણૂંક અને સેવાની શરતો) અને સરકારના કાયદા વિષયક કાર્ય સંચાલન નિયમો–૨૦૦૯ના નિયમ–૪ (૫) અન્વયે નિયમ–૫(૧) તથા નિયમ–૫(૨) મુજબ પેનલ તૈયાર થશે. આ નિમણૂંક માટે નિયત કરવામાં આવેલી લાયકાત ધરાવતા કાયદાના સ્નાતક ઉમેદવારોએ અરજી કરવી.

જિલ્લા સરકારી વકીલ અને પબ્લિક પ્રોસિકયુટર માટે ગુજરાત હાઈકોર્ટ અથવા જિલ્લા કોર્ટમાં વકીલ તરીકે ઓછામાં ઓછા ૧૦ (દસ) વર્ષથી સક્રિય હોય, (૨) તે ૬૦ (સાંઈઠ) વર્ષથી વધુ ઉંમરના ન હોય અને તે પોતાની નિમણૂંકના ઓછામાં ઓછા ૫ (પાંચ) વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય.

એડિશનલ ગવર્નમેન્ટ પ્લીડર અને એડિશનલ પબ્લિક પ્રોસિકયુટર માટે ગુજરાત હાઈકોર્ટ અથવા જિલ્લા કોર્ટમાં વકીલ તરીકે ઓછમાં ઓછા ૭ (સાત) વર્ષથી સક્રિય હોય, (૨) તે ૫૫ (પંચાવન) વર્ષથી વધુ ઉંમરના ન હોય અને તે પોતાની નિમણૂંકના ઓછામાં ઓછા ૩ (ત્રણ) વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય.

આ જગ્યા માટે જે ઉમેદવારો ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેમણે અમરેલી જિલ્લા કલેકટર અને મેજિસ્ટ્રેટની કચેરી, જિલ્લા સેવા સદન, ડીસી શાખા, રાજમહેલ કમ્પાઉન્ડ, બહુમાળી ભવન સામે, રાજમહેલની બાજુમાં, અમરેલી પિન નં. ૩૬૫૬૦૧ ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૩૦૭ ખાતેથી, રજાના દિવસો સિવાય, કચેરી સમય દરમિયાન (સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ વાગ્યા સુધીમાં) નિયત નમૂનાના અરજી ફોર્મ મેળવવા અને મોડામાં મોડા તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં પરત મોકલવા.

ફોર્મમાં જરૂરી વિગતો (જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ) અને અનુભવના પ્રમાણપત્રો વિગેરેની પ્રમાણિત નકલો તથા છેલ્લા પાંચ–ત્રણ વર્ષના આવકવેરા રિટર્ન અને ડેકલેરેશન સામેલ રાખવા. નિયત સમયમર્યાદા વિત્યે અને અધૂરી વિગતો હોય તેવી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. ઉમેદવાર સામે ભૂતકાળમાં ગુન્હો નોંધાયો નથી તે મત્તલબનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર રજૂ કરવું.

નિયુકત થયેલા ઉમેદવારોને કાયદા અધિકારી (નિમણૂંક અને સેવાની શરતો) અને સરકારના કાયદા વિષયક કાર્યસંચાલન નિયમો–૨૦૦૯ મુજબ ફી તથા અન્ય ભથ્થા મળવાપાત્ર થશે. સબંધિત ઉમેદવારોએ, ઈન્ટરવ્યુના નિયત તારીખ–સમયે તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવું, તેમ અમરેલી જિલ્લા કલેકટર અને મેજિસ્ટ્રેટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે :– કડીયાળી ગામના રે.સ.નં.૧૫૭ ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ ધાખડા કમળાબેન જયલુભાઈ તે જયસુખલાલ લખુભાઈના પત્નિ, પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૦૦/૨૪ તા.૨૧/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| ૨ | સોયાબીન | ૬૨૫ | ૭૯૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૧૫ | ૫૪૯ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૪૩ |
| ૫ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | જુવાર | ૫૨૫ | ૬૪૦ |
| ૭ | તુવેર | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ૮ | ચણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| ૯ | શીંગફાડા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૧૦૨૫ |
| ૧૧ | મગફળી | ૧૦૦૫ | ૧૦૦૫ |


## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે :– ખાખબાઈ ગામના રે.સ.નં.૮૫ પૈકી ૧ની જમીન હે. ૦–૮૦–૯૭ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ જાલોધરા જાનાભાઈ અરશીભાઈ તથા જાલોધરા જાદવભાઈ અરશીભાઈ, પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૧૧/૨૪ તા.૨૨/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૧/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૬૧ |
| ૨ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૯૫૧ | ૧૪૦૦ |
| ૪ | બાજરો | ૪૭૦ | ૫૪૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૩૦ |
| ૬ | જુવાર | ૬૫૧ | ૭૫૦ |
| ૭ | ચણા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ૮ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| ૧૧ | મેથી | ૧૧૩૧ | ૧૧૩૧ |
| ૧૨ | ગમ ગુવાર | ૮૦૦ | ૮૦૦ |





## પાલિકાનાં શાસકોની ગંભીર બેદરકારીનાં કારણે અકસ્માતની ઘટના બન્યાની ચર્ચા

# બગસરાની સ્ટ્રીટલાઈટનાં કેબલનાં લીધે ર ગાયના મોત

**નદીપરા વિસ્તારમાં પશુપાલકનાં વાડાનાં દરવાજા સાથે સ્ટ્રીટલાઈટનો કેબલ અડી જતાં શોર્ટ લાગ્યો**

**ર ગાયનાં ઘટના સ્થળે મોત થયા અને પશુપાલકને શોર્ટ લાગેલ જો કે સદ્દનસીબે તેઓ બચી ગયા**

**ચોમાસાનાં દિવસોમાં પાલિકાની રોશની શાખાએ ગંભીરતાથી કામગીરી કરવી પડશે**

**પાલિકાનાં શાસકોએ શહેરની તમામ સ્ટ્રીટલાઈટનાં કેબલની ચકાસણી કરવી જરૂરી**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૧

બગસરા નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ ફીટીંગ વખતે રાખવામાં આવતી બેદરકારીને પગલે બગસરામાં આજે બે ગાયોના મોત નિપજયા હતા તેમજ માલિક વીજ કરંટ લાગ્યા બાદ માંડ બચ્યા હતા.

બગસરા નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ ફીટીંગમાં વાયરના જોડાણ વખતે ત્યાં ટેપ લગાડવામાં આવતી ન હોવાની ફરિયાદ અનેક વખત કરવામાં આવેલ છે. પરંતુ આ ટેપ ના લગાડેલ હોવાથી બગસરાના નદીપરા વિસ્તારમાં શનિવારે સવારે નનુભાઈ રૈયાભાઈ ભરવાડને ત્યાં બે ગાયો વાડામાં બાંધેલી હતી જે વાડાના લોખંડના દરવાજા સાથે સ્ટ્રીટ લાઈટ નો વીજવાયર સંપર્કમાં આવતા વાડામાં રહેલ બંને ગાયોના વીજ કરંટથી મોત નિપજયા હતા. આ બાબતે કંઈક અજબ તો બન્યું હોવાની શંકાથી નનુભાઈ પોતે વાડામાં આવતા હતા તે

અનુસંધાન પાના ૬ ઉપર

## એએચપીનાં આગેવાનો ડો. ગજેરા, દડુભાઈ ખાચરની આગેવાનીમાં યાત્રા આવી પહોંચી

# અમરેલીનાં શ્રી સત્યનારાયણ મંદિરનાં સેવકો દ્વારા જન્માષ્ટમીની શોભાયાત્રાનું આસ્થાભેર સ્વાગત કરાયું

**મંદિરનાં સેવકોને હિંદુ પરિષદનાં આગેવાનોએ મુશ્કેલ સમયમાં સહકાર આપેલ તેનો આભાર માન્યો**



અમરેલી, તા. ૩૧

અમરેલીનાં માણેકપરામાં આવેલ સુપ્રસિધ્ધ સત્યનારાયણ મંદિરનાં સેવકોએ જન્માષ્ટમીનાં દિને યોજાયેલ ભગવાન શ્રી કૃષ્ણની શોભાયાત્રાનું આસ્થા અને ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું.

શ્રી સત્યનારાયણ મંદિર, શ્રી અમરનાથ મહાદેવ મંદિર સેવા ટ્રસ્ટનાં સદસ્યોએ વરસાદી માહોલ હોવાથી સુકામેવાવાળુ દૂધ શોભાયાત્રામાં સામેલ ભકતોને વિતરણ કર્યુ હતું.

મંદિરનાં સેવકોએ ડો. ગજેરા, દડુભાઈ ખાચર, મનસુખભાઈ રૈયાણી, નિર્મળસિંહ ખુમાણ, ડો. દેશાણી, સુરેશભાઈ સોલંકી, દિલીપભાઈ બામટા, મનસુખભાઈ બસિયા, હસમુખભાઈ દુધાત, ઈશિત મહેતા, સંજયભાઈ અગ્રાવત, ભરતભાઈ કાનાણીનું સ્વાગત કર્યુ હતું.

મંદિરનાં સેવકે ૧૪ વર્ષ પહેલા પરિષદનાં આગેવાનોએ કરેલ મદદ અનુસંધાને જણાવેલ કે, વર્ષ ૨૦૧૦

અનુસંધાન પાના ૬ ઉપર

## સોમનાથ મહાદેવને શ્રાવણ કૃષ્ણ ત્રયોદશીએ કૈલાશ દર્શન શૃંગાર



શ્રાવણ કૃષ્ણ ત્રયોદશી પર સોમનાથ મહાદેવને કૈલાશ દર્શન શૃંગારથી સુશોભિત કરવામાં આવ્યા હતા. કૈલાશ પર્વત એ ભગવાન શિવનું નિવાસસ્થાન છે. સોમનાથ મહાદેવના આ વિશેષ શૃંગારમાં કૈલાશ પર્વત વચ્ચે બિરાજમાન સોમનાથ મહાદેવ શ્રદ્ધાળુને દર્શન દઈ રહ્યા હોય તેવી પ્રતિકૃતિ રચવામાં આવી હતી. સોમનાથ મહાદેવના આ વિશેષ શૃંગારના દર્શન કરી ભકતોના માનસ પટ પર કૈલાશ દર્શન કર્યાનો ભાવ સર્જાયો હતો. આ અનુભવ શૃંગાર ભકતોને આધ્યાત્મિક ઉન્નતિ અને શિવના આશીર્વાદ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

## બંનેને અસહ્ય બીમારી હોય પરેશાન થઈને

# બગસરા ખાતે પતિ અને પત્નીએ આત્મહત્યા કરી અંતિમવાટ પકડી


**એકને હાર્ટની અન્યને પેરાલીસીની બીમારી**

અમરેલી, તા. ૩૧

બગસરા ગામે રહેતા ચંદુલાલભાઈ હરીભાઈ મહેતા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધને છેલ્લા બે–ત્રણ વર્ષથી હૃદયની બીમારીની દવા ચાલુ તથા તેણીના માતા શોભનાબેન ચંદુલાલ હરીભાઈ મહેતાને છેલ્લા દશેક વર્ષથી પેરાલીસીસ થયેલ હોય. જેથી હલન–ચલન કરી શકતા ન હોય અને કામકાજ પણ કરી શકતા ન હોય અને તેમની પણ દવા ચાલુ હોય. જેથી બંનેએ બીમારીથી કંટાળી જઈ તા. ૩૦ના રોજ બપોરના ૩ વાગ્યે બગસરા ગામે પોતે પોતાની મેળે ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન બંને મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)